# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

---

1) કેન્દ્ર સરકારે સરસવ, મસુર, ઘઉં, ચણા સહિતનાં રવી પાકનાં લઘુતમ ટેકાનાં ભાવમાં વધારો કર્યો
2) કેન્દ્રીય કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં અને પેન્શનધારકોનાં મોંઘવારી રાહતમાં ત્રણ ટકાનો વધારો કરવામાં આવ્યો
3) નેશનલ કૉન્ફરન્સના નેતા ઑમર અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી પદે શપથગ્રહણ કર્યા, જ્યારે નાયબસિંહ સૈની આવતી કાલે હરિયાણાના મુખ્યમંત્રી પદનાં શપથ લેશે
4) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ **આફ્રિકાના ત્રણ દેશોની મુલાકાતનાં બીજા તબક્કામાં મોરિટાનિયાની મુલાકાતે પહોંચ્યા**
5) ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટના પ્રથમ દિવસે વરસાદનું વિઘ્ન આવતી કાલે મેચ પુનઃ શરૂ થશે
6) આંતરરાષ્ટ્રિય ક્રિકેટ પરિષદ-ICC એ ભારતનાં મહિલા ખેલાડી નીતુ ડેવિડને ‘આઇસીસી હોલ ઓફ ફેમ’માં સ્થાન આપ્યું

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REVISE MSP CABINET-DECISIONS

સરકારે આજે વર્ષ 2025-26ની માર્કેટિંગ સિઝન માટેનાં રવી પાકનાં લઘુતમ ટેકાનાં ભાવમાં વધારો કર્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેન્દ્રીય મંત્રીમંડળનાં નિર્ણયોની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, સરસવના પાકમાં સૌથી વધુ 300 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધારો કરવામાં આવ્યો છે. મસુર દાળમાં 275 રૂપિયા, ચણામાં 210 રૂપિયા, જવમાં 130 અને ઘઉંનાં લઘુતમ ટેકાનાં ભાવમાં 150 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધારો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્શનધારકોનાં મોંઘવારી રાહતમાં ત્રણ ટકાનો વધારો કર્યો છે. તેનો લાભ 49 લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને 64 લાખથી વધુ પેન્શનધારકોને થશે. આ નિર્ણયથી સરકારની તિજોરી પર પ્રતિવર્ષ 9 હજાર 448 કરોડ રૂપિયાનો બોજ પડશે.

આ અંગે શ્રી વૈષ્ણવે આ મુજબ જણાવ્યુઃ

(Byte-Ashwini Vaishnav on DA Hike)

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે ઉત્તરપ્રદેશમાં ગંગા નદી પર રેલ અને રોડ પુલ સહિત વારાણસી-પંડિત દીનદયાલ ઉપાધ્યાય મલ્ટી ટ્રેકિંગ પ્રોજેક્ટને પણ મંજૂરી આપી છે. તેમણે જણાવ્યું કે આ પુલથી કનેક્ટિવિટી સરળ બનશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે, ક્રુડ ઓઇલની આયાત અને કાર્બન ઉત્સર્જનમાં પણ ઘટાડો થશે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ બે હજાર 642 કરોડ રૂપિયા છે.

## JAISHANKAR SCO TAKEAWAYS

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે આજે ઇસ્લામાબાદમાં યોજાયેલી શાંઘાઇ કો-ઓપેરશન કાઉન્સિલ- SCO કાઉન્સિલની બેઠકને ફળદાયી ગણાવી છે. સોશિયલ મિડિયા પોસ્ટમાં ડોક્ટર જયશંકરે જણાવ્યું કે, આ બેઠકમાં આઠ દસ્તાવેજો પર

હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ચર્ચામાં ભારતે સકારાત્મક અને રચનાત્મક પ્રદાન કર્યું હતું.

વિદેશમંત્રીએ જણાવ્યું કે, આ બેઠકમાં ભારતનાં પરિપ્રેક્ષ્યમાં આઠ નિષ્કર્ષ નીકળ્યા છે, જેમાં અન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચરનાં વિચાર પર સંવાદ સાધવાનો સમાવેશ થાય છે.

**SCO** સ્ટાર્ટઅપ ફોરમ, સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેશન પર વિશેષ કાર્યકારી જૂથો અને પરંપરાગત દવાઓ જેવી ભારતની પહેલોનાં પરિણામને **SCO**નાં સભ્યોએ આવકાર આપ્યો હતો.

ડોક્ટર જયશંકરે **SCO CHG**નું આગામી પ્રમુખપદ સંભાળનાર રશિયાને શુભેચ્છા પાઠવી હતી.

**ડોક્ટર જયશંકરે પાકિસ્તાન મુલાકાતની સમાપ્તિ પ્રસંગે પ્રધાનમંત્રી શેહબાઝ શરીફ અને વિદેશ મંત્રી ઇશાક દારનો પોતાની આગતાસ્વાગતા માટે આભાર માન્યો હતો.**

## CM KASHMIR AND HARYANA

નેશનલ કૉન્ફરન્સના નેતા ઑમર અબ્દુલ્લાએ આજે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી તરીકે શપથગ્રહણ કર્યા છે. શ્રીનગરના શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે યોજાયેલા સમારોહમાં ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ શ્રી અબ્દુલ્લા અને તેમના મંત્રીમંડળને શપથ લેવડાવ્યા હતા. આ સમારોહમાં સુરિન્દર ચૌધરીએ નાયબ મુખ્યમંત્રી પદના, સકીના ઈટ્ટુ, જાવેદ રાણા, જાવેદ દારે મંત્રી પદના શપથ લીધા હતા.

આ સમારોહમાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સમાજવાદી પક્ષના અધ્યક્ષ અખિલેશ યાદવ ઇન્ડિયા ગઠબંધનનાં અન્ય નેતા પણ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ પક્ષે ઑમર અબ્દુલ્લાની

સરકારના બહારથી સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. નવી સરકારમાં કોંગ્રેસ સામેલ નહીં હોય.

દરમ્યાન, હરિયાણાના કાર્યકારી મુખ્યમંત્રી નાયબસિંહ સૈની ભાજપ વિધાનસભા પક્ષનાં નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. પંચકુલામાં વિધાનસભા પક્ષની બેઠક બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અને પક્ષનાં નિરીક્ષક અમિત શાહે આ જાહેરાત કરી હતી.

શ્રી સૈની આજે સાંજે રાજ્યપાલ બંદારુ દત્તાત્રયને મળ્યા હતા અને સરકાર રચવાનો દાવો કર્યો હતો. આવતી કાલે પંચકુલામાં પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી શપથવિધીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથસિંહ અને ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહેશે.

## PM ABHIDHAMMA DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે નવી દિલ્હીમાં અભિધમ્મ દિવસ અને શાસ્ત્રીય ભાષા તરીકે પાલીને માન્યતાની ઉજવણી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. ઇન્ટરનેશનલ બુધ્ધિસ્ટ કોન્ફેડરેશને સાંસ્કૃતિક મંત્રાલયનાં સહયોગથી આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી અભિધમ્મ દિવસ અને પાલી ભાષાનું મહત્વ તથા બુધ્ધ ધમ્મનાં ભવ્ય વારસાનું જતન કરવાનાં સરકારનાં પ્રયત્નો અંગે પોતાનાં વિચારો રજૂ કરશે.

આ પ્રસંગે સાંસ્કૃતિક અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ પણ ઉપસ્થિત રહેશે.

## REVISED PRESIDENT

આફ્રિકાના ત્રણ દેશોની મુલાકાતનાં બીજા તબક્કામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મોરિટાનિયાની એક દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. મોરિટાનિયાના રાષ્ટ્રપતિ મોહમ્મદ ઔલદ ગઝૌનીએ વિમાનમથકે તેમનું સ્વાગત કર્યું હતું.

તેઓ આવતી કાલે રાષ્ટ્રપતિ ગઝૌની સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. આ ઉપરાંત તેઓ પ્રતિનિધિમંડળ સ્તરની પણ મંત્રણા કરશે. તેઓ મોરિટાનિયામાં વસતા ભારતીય મૂળનાં લોકો સાથે પણ સંવાદ કરશે. વિદેશ પ્રવાસના અંતિમ તબક્કામાં તેઓ આવતી કાલે મલાવી જવા રવાના થશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## ISA- ASSEMBLY

ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ- ISA એસેમ્બલીનું સાતમું સત્ર 3 નવેમ્બરથી નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે યોજાશે. ચાર દિવસનો આ કાર્યક્રમ 6ઠ્ઠી નવેમ્બર સુધી ચાલશે. ISA એસેમ્બલીમાં ઊર્જા વપરાશ, સુરક્ષા અને પરંપરાઓને અસર કરતી ISA ની પહેલો પર વિચાર-વિમર્શ કરશે.

આ અંગેની વિગતો આપતા કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી અને ISA ના પ્રમુખ પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, સૌર ઊર્જાનાં ઉપયોગને પ્રોત્સાહન આપવા વિશ્વભરનાં હિતધારકો આ સંમેલનમાં ઉપસ્થિત રહેશે. તેમણે જણાવ્યું કે, જળવાયુ પરિવર્તન સામેની લડાઈમાં સૌર ઊર્જાનાં વિકલ્પોને મોટે પાયે અપનાવવા એ જ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે. તેમણે ઉમેર્યું કે, જળવાયુ પરિવર્તનની સમસ્યા ઉકેલવા ભારત અને ફ્રાન્સની સંયુક્ત પહેલ તરીકે ISAની સ્થાપના કરવામાં આવી હતી.

## NITI AYOG METHANOL

નિતી આયોગ આવતી કાલથી નવી દિલ્હીમાં બે દિવસનો આંતરરાષ્ટ્રીય મિથેનોલ પરિસંવાદ અને પ્રદર્શનનું આયોજન કરશે. અમેરિકાની મિથેનોલ ઇન્સ્ટિટ્યૂટના સહયોગમાં આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. કાર્યક્રમમાં વિશ્વમાં મિથેનોલનાં પ્રોજેક્ટ્સ, પ્રોડક્ટ્સ અને  સંબંધિત ટેકનોલોજી વિકાસમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે.

## INDIA AND NEW ZEALAND MATCH

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટના પ્રથમ દિવસે વરસાદને કારણે રમાઇ શકી ન હતી. બેંગલુરુનાં એમ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે આવતી કાલે બીજા દિવસે મેચનો વહેલો પ્રારંભ થવાની સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે ભારત તાજેતરમાં જ બાંગલાદેશ સામેની શ્રેણી 2 શૂન્યથી જીત્યું છે, જ્યારે ન્યૂઝીલેન્ડ શ્રીલંકા સામેની શ્રેણી 2-શૂન્યથી હારી ગયું છે. વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલમાં ભારત પ્રથમ ક્રમે છે, જ્યારે ન્યૂઝીલેન્ડ છઠ્ઠા ક્રમે છે.

## ICC WHOLE OF FAME

આંતરરાષ્ટ્રિય ક્રિકેટ પરિષદ-ICC એ ભારતનાં મહિલા ખેલાડી નીતુ ડેવિડ, ઇંગલેન્ડનાં એલેસ્ટર કુક, અને દક્ષિણ આફ્રિકનાં એબી ડિવિલિયર્સને ‘આઇસીસી હોલ ઓફ ફેમ’માં સ્થાન આપ્યું છે. જાન્યુઆરી 2009માં યોજાયેલા આઇસીસીનાં શતાબ્દિ સમારોહમાં ‘આઇસીસી હોલ ઓફ ફેમ’નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યાદીમાં ક્રિકેટનાં સૌથી મહાન ખેલાડીઓને સ્થાન આપવામાં આવે છે. નીતુ ડેવિડે 1995માં ભારત માટે પદાર્પણ કર્યું હતું. વન-ડેમાં 100 વિકેટ લેનાર તેઓ દેશનાં પ્રથમ મહિલા ક્રિકેટર હતા. સૌથી વધુ વન-ડે વિકેટ લેનાર મહિલા બોલર્સમાં તેઓ બીજા ક્રમે છે.

એલેસ્ટર કુકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 250થી વધુ મેચોમાં ઇંગલેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેમણે 161 ટેસ્ટમાં 45 રનની સરેરાશથી 12 હજાર 472 રન કર્યા છે. તેમણે વનડેમાં 36.40 રનની સરેરાશથી 3 હજાર 204 રન કર્યા છે.

ડિવિલિયર્સે દક્ષિણ આફ્રિકા વતી 114 ટેસ્ટમાં 50.66 રનની સરેરાશથી 8 હજાર 765 રન કર્યા છે.

## ISSF SHOOTING

ભારતીય શૂટર અખિલ શેરોને નવી દિલ્હીમાં ISSF વિશ્વ કપ ફાઇનલમાં 50 મીટર રાઇફલ 3P સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. સ્પર્ધામાં ભારતનો આ બીજો ચંદ્રક છે.

## NIGERIA-EXPLOSION

નાઈજીરિયામાં ઈંધણના ટેન્કરમાં વિસ્ફોટ થતાં ઓછામાં ઓછા 94 લોકોનાં મૃત્યુ અને 50ને ઇજા થઈ છે.

આ ઘટના ગઈ કાલે રાત્રે ઉત્તરી જીગાવા રાજ્યમાં બની હતી. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે અકસ્માતગ્રસ્ત ટેન્કરમાંથી રસ્તા પર ઢોળાયેલું ઇંધણ એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે વિસ્ફોટ થવાની આ દુર્ઘટના સર્જાઈ હતી.

આ ટેન્કર કાનોથી આવી રહ્યું હતું અને યોબે રાજ્યનાં નગુરુ ખાતે જઈ રહ્યું હતું, ત્યારે ચાલકે વાહન પરથી કાબુ ગુમાવ્યો હતો.

નાઇજિરીયામાં સરેરાશ આવકની સરખામણીમાં ઇંધણનાં ભાવ અતિ વધારે હોવાથી ટેન્કરમાં લુંટની ઘટનાઓ અવારનવાર બને છે.